પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૨૬, કુલ પાના:૪, તારીખ: ૨૦-૦૧-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 126 PRICE :-RS. 1.50 DATE : 20-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કિમ નજીક ફૂટપાથ પર ઊંઘતા શ્રમિકો પર ડમ્પર ફરી વળતાં હાઈ-વે મરણચીસોથી ગાજી ઉઠ્યો

# અમંગળ: સુરતમાં ડમ્પરે ૧૫ શ્રમિકોને કચડી માર્યા





સુરત,

સુરતમાં મંગળવારે કાળમુખા ડમ્પરે રાજસ્થાનથી છૂટક મજૂરી કરી આજીવિકા રળવા આવેલા અને ફૂટપર પર ઊંઘી રહેલા કેટલાય લોકોને કચડી નાખી કાળનો કોળિયો બનાવી લેતા ભયાવહ કરૂણાંતિકા સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ કિમથી માંડવ તરફ જઈ રહેલા એક બેકાબુ ડમ્પર રસ્તાની બાજુમાં ઊંઘી રહેલા કેટલાક લોકો પર ફરી વળ્યું હતું જેને પગલે ૧૫ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ડમ્પર ચાલક તેમજ ક્લિનરની ધરપકડ પણ કરવામાં આવી છે.

સુરતની નજીક કોસંબા ગામ પાસે ડમ્પર માતેલા સાંઢની જેમ રસ્તા પર ઊંઘી રહેલા શ્રમજીવીઓ પર ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ બાંધકામ ક્ષેત્રમાં છૂટક મજૂરી કરતા કેટલાક શ્રમજીવીઓ કિમ-માંડવી રોડ પર રસ્તાની ફૂટપાટ પર રહેતા હતા. રાત્રે ૧૨ વાગ્યા આસપાસ ભર ઊંઘમાં રહેલા મજૂરો પર ડમ્પર કાળ બનીને ફરી વળ્યું હતું જેમાં ૧૨ જેટલા લોકોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા અને ત્રણ જેટલા લોકોના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા છે જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બેકાબૂ બનેલા ડમ્પરે ચારથી પાંચ દુકાનોના શેડ પણ તોડી નાખ્યાં હતા. ટ્રેક્ટરને ટક્કર માર્યા બાદ ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને કચડ્યા બાદ ડમ્પર ચાલકે ફૂટપાથ કૂદાવી પાછળની તરફ આવેલી દુકાનો સાથે ભટકાવી દીધું હતું. જેને પગલે પાંચેક જેટલી દુકાનોના શેડ તૂટી ગયા હતા. અકસ્માત બાદ ડ્રાઈવર અને કંડક્ટર બોલવાની કે ચાલવાની પણ હાલતમાં ન હતા, જેને પગલે ડ્રાઈવર અને કંડક્ટર દારૂ અને ગાંજાના નશામાં હોવાની પોલીસને આશંકા છે. બંનેને સારવાર અને રિપોર્ટ માટે હોસ્પિટલ ખસેડ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

રાજ્ય સરકારે આ ગોઝારી દુર્ઘટના બદલ ખેદ વ્યક્ત કર્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનો માટે રૂ. ૨-૨ લાખની સહાયની જાહેરાત કરી હતી.

આ ભયાવહ ઘટનાની સમગ્ર હકીકત એવી છે કે સુરતથી ૬૦ કિ.મી. દૂર આવેલા કોસંબા ગામ પાસે મંગળવારે ૧૨ વાગ્યા આસપાસ એક ડમ્પર માંડવથી કિમ તરફ જઈ રહ્યું હતું. ડમ્પરે પહેલા શેરડીથી ભરેલા ટ્રેક્ટરને ટક્કર મારી હતી અને બાદમાં ડમ્પરચાલકે કાબૂ ગુમાવતા તે રસ્તાની બાજુમાં ચઢી ગયું હતું. સુરતના પોલીસ સુપરીટેન્ડેન્ટ ઉષા રાડાએ જણાવ્યું હતું કે ડમ્પર નીચે કચડાઈ જવાથી મજૂરોના મોત થયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની એક્સ ગ્રેશિયા સહાયની જાહેરાત કરી છે તેમજ ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની મદદ કરવામાં આવશે. વડાપ્રધાન મોદીના કાર્યાલયે ટ્વીટને કરીને જણાવ્યું હતુ કે, સુરત નજીક બનેલી આ કરૂણાંતરિકા ભયાવહ છે. મૃતકોના પરિવારજનોને સાંત્વના તેમજ ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવા પ્રાર્થના.

## ફેબ્રુઆરીમાં ધોરણ ૯ અને ૧૧ની સ્કૂલો શરૂ થાય તેવી સંભાવના




અમદાવાદ,

રાજ્યમાં ગત ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની સ્કૂલો શરૂ થઈ ગઈ છે. ત્યારે જૂનાગઢ તાલુકાનાં કેશોદની સ્કૂલમાં ૧૧ વિદ્યાર્થિનીઓ પોઝિટીવ આવતાં વાલીઓની ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ શિક્ષણ વિભાગના ટોચના અધિકારીઓએ ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી ધોરણ ૯ અને ૧૧ માટે સ્કૂલો શરૂ કરવાની તૈયારી કરી લીધી છે. શિક્ષણ વિભાગમાં પણ આ બાબતે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અગાઉ ધો. ૧૦,૧૨માં કલાસરૂમમાં શૈક્ષણિક કાર્ય હાથ ધર્યા પછી હવે ધો.૯ અને ૧૧માં પણ કલાસરૂમમાં શૈક્ષણિક કાર્ય હાથ ધરવાની દિશામાં સરકાર આગળ વધી રહીં છે. આ માટે આગામી બુધવારે મળનારી કેબિનેટની બેઠકમાં પછી કોઈ ઠોસ જાહેરાત થાય તેવી શક્યતા છે.કોરોના મહામારીને કારણે ઓફલાઈન(કલાસરૂમ શૈક્ષણિક કાર્ય)ને બદલે ઓ્નલાઈન શૈક્ષણિક કાર્ય કરાવ્યા પછી ઓફલાઈન શૈક્ષણિક કાર્ય હાથ ધરવું પણ સરકાર માટે પડકારજનક છે.

કોરોનાના ડરને કારણે ઓછી હાજરીનો પ્રશ્ન છે, તેવા સંજોગોમાં રાજય સરકાર હવે તા. ૯ અને ૧૧માં પણ કલાસરૂમમાંથી શૈક્ષણિક કાર્ય આપવાની હાથ ધરશે તેમ સત્તાવાર સુત્રોનું કહેવું છે. સુત્રોએ એવી સ્પષ્ટતા કરી હતી કે, આમ તો આયોજન આગામી સોમવારથી હાથ ધરવાનું છે,પણ જો

(અનુ.પાના.નં.૨)

## દેશવ્યાપી રસીકરણ: અત્યાર સુધી ૪,૫૪,૦૪૯ લોકોનુ રસીકરણ, માત્ર ૦.૧૮% લોકોને સાઈડ ઈફેક્ટ



ન્યુ દિલ્હી,

વૈશ્વિક કોરોના મહામારી વિરુદ્ધ ભારતમાં ૧૬મી જાન્યુઆરીથી દેશવ્યાપી રસીરકણ અભિયાન છેડવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકારે રસીકરણના પહેલા તબક્કામાં સ્વાસ્થ કર્મચારીઓ, ફ્રન્ટ લાઈન વર્કર્સ સહિત ૩૦ કરોડ લોકોને ફ્રી વેક્સીન લગાવવાનો લક્ષ નક્કી કર્યો હતો. આ વિશે માહિતી આપતાં મંગળવારે સ્વાસ્થ મંત્રાલયે જણાવ્યું કે, અત્યાર સુધી દેશમાં ૪,૫૪,૦૦૦થી વધુ લોકોને કોરોના વાયરસ સામે રસી લગાવવામાં આવી હતી. આ સંદર્ભે વિગતવાર માહિતી આપતાં હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે કહ્યુ કે, દેશમાં કુલ ૪,૫૪,૦૪૯ લોકોને રસી લગાવવામાં આવી છે. જ્યારે રસીકરણના પહેલા દિવસે વિશ્વમાં સૌથી વધુ રસી ભારતમાં લગાવવામાં આવી હતી. આ માટે દેશમાં ૩૫૦૦ રસીકરણ કેન્દ્રો સક્રિય છે. રાજેશ ભૂષણે જણાવ્યું કે

(અનુ.પાના.નં.૨)






નવાબંદર ખાતે
આંતરરાષ્ટ્રીય કક્ષાના અત્યાધુનિક સુવિધાઓ સાથે
રૂ.૨૯૫.૮૫ કરોડના ખર્ચે
મત્સ્ય બંદરના નિર્માણનો ખાત-મુહૂર્ત કાર્યક્રમ
શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે
તારીખ : ૨૦/૦૧/૨૦૨૧, બુધવાર સમય: બપોરે ૩.૩૦ કલાકે સ્થળ: નવાબંદર મત્સ્યબંદર, તા.:- ઉના, જિ.:- ગીર-સોમનાથ



આ રહી સુવિધાઓની આછેરી ઝલક
- નેટ મેન્ડીંગ શેડ
- રેસ્ટ શેડ
- એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડિંગ
- રેસ્ટોરન્ટ
- ડોરમેટરી
- ઓક્શન હોલ
- બોટ રીપેર શોપ
- રેડિયો કોમ્યુનિકેશન ટાવર
- ડ્રેનેજ નેટવર્ક
- ઇલેક્ટ્રીકલ ફેસીલીટી
- ગ્રીનરી એન્ડ લેન્ડ સ્કેપીંગ
- રોડ નેટવર્ક
- એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એન્ડ સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- ફ્રેશ વોટર નેટવર્ક
- સી વોટર સપ્લાય

યુરોપિયન યુનિયનના નિયમ મુજબ

નવાબંદર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના અત્યાધુનિક સુવિધાઓ સાથેના મત્સ્ય બંદરના નિર્માણથી ગુજરાતનો વિકાસ વેગવંતો બનશે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (સહકાર, મત્સ્યોદ્યોગ અને પશુપાલન પ્રભાગ) | સંવેદનશીલ ગુજરાત - પ્રગતિશીલ ગુજરાત | ગુજરાત મેરીટાઇમ બોર્ડ (બંદરો અને વાહનવ્યવહાર વિભાગ)

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીયા નગરપાલિકાની ભાજપની બોડીમાં બે જૂથની લડાઈ જારી જયારે દલબદલનો કાયદો લાગુ થતાં આયાતી પ્રમુખ બરખાસ્ત

દે.બારીયા, દે.બારીયા નગરપાલિકાની બોડીમાં સામાન્ય ચુંટણી થઈ ત્યારથી બે જૂથોમાં વહેંચાઈ ચૂકી છે. કોગ્રેસ મુકતનો ખેલ ભાજપને ભારે પડી રહ્યો છે. એક એક સભ્યોને ૧૨ લાખ આપીને કોંગ્રેસ મુકત કરવા ગયા ને આજે પોતાના ઘરમાં આગ લાગી ચૂકી છે. તેને ઓલવવા માટે પણ બીજ હોર્સ ટ્રેડીંગ થશે તે ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે. પાંચ થી છ કોગ્રેસના સભ્યો તોડી ભાજપમાં ભેળવીને કોંગ્રેસના આયાતી સભ્યો માંથી વોર્ડ–૨ના મહિલા ઉમેદવારને ઉથલાવીને ત્યાંના જ ઉમેદવારને પ્રમુખ બનાવી દીધા હતા. ત્યારે દલ બદલનો કાયદો લાગુ કેમ ના થયો અને ભાજપના સભ્યોમાં અસંતોષમાં વધુ બળ મળ્યું જેથી આજે આ પરિસ્થિતી પેદા થવા પામી પહેલા અઢી વર્ષનું સમય હેમખેમ પસાર થયો બીજા અઢી વર્ષ માટે આયાતી સભ્યમાંથી મહિલા સીટ હોવાથી પ્રમુખની ચુંટણીમાં ટાઈ પડી જેતે સમયના પ્રાંત અધિકારીએ ચિઠ્ઠીનો સહારો લઈને પ્રમુખની વર્ણી થયા હતા. તે કોગ્રેસમાંથી આવેલા મહિલા સભ્યના પ્રમુખ બનાવવામાં આવતા અવિશ્વવાસની દરખાસ્ત આવતા અને આઠ જ દિવસમાં દલબદલનો કાયદો લાગુ કરીને આયાતી કોગ્રેસના પ્રમુખ બનેલા ઘર ભેગા કરી દીધા છે. આ આખો ખેલ શહેરના વિકાસ માટે આવેલી ગ્રાન્ટ માંથી મલાઈ ખાવાનો ખેલ ચાલી રહ્યો છે. અને જે હોર્સ ટ્રેડીંગના રૂપીયા મેળવવા માટે ધમાચકડી થઈ રહી છે. હવે તો આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે કે શહેરના વિકાસ કરવાની કોઈને પડી નથી. તે આના પરથી ફલીત થાય છે.

હાલમાં નગરમાં વોર્ડ ન.૨માં રોડના કાર્યો ચાલુ છે. જ્યારે પીવાના પાણીની પાઈપ લાઈન નવિન નાખવાનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે. તો કાર્યને ગ્રહણ ના લાગે તે લાગતા વળગતા પદના અધિકારીને સંગ્યાત લેવાની ખાસ જરૂર છે. અત્રે અ પણ ઉલ્લેખનિય છે કે, સામે પક્ષે કેવ્યેટ દાખલ કરી છે. જ્યારે ડુબતા કયા ન કરતા દલબદલા કાયદા સામે સ્ટે લાવવાની કોશીષ થઈ ચૂકી છે. જ્યારે પહેલા અઢી વર્ષ કોગીના આયાતી સભ્યને પ્રમુખ બનાવ્યા ત્યારે કેમ દલબદલાનો કાયદો લાગુ ના થાયે અને હવે બીજા અઢી વર્ષના સમય માટે કોગીના આયાતી સભ્ય પ્રમુખ બનાવવામાં રસ હતો કે પછી મુકત કોંગ્રેસ કવાના ચકકર હતો. તે તો આવનારો જ બતાવશે. દે.બારીયા નગર પાલિકા બોડીમાં આયાતી કોંગ્રેસના તથા મૂળ ભાજપના વફાદાર સભ્યોમાં નૂરાકુસ્તી ક્યાં સુધી ચાલશે. તે હવે જોવાનું છે. જેથી શહેરનો વિકાસ તો ભૂલી જવાનું તેવું આમ જનતામાં ગણગણાટ છે.

# દાહોદમાં GST ધામા નાખતાં વેપારીઓમાં ફફડાટ

દાહોદ, દાહોદ શહેરમાં ગતરોડી રાત્રીના સમયે વડોદરાની જી.એસ.ટી.ટીમે દાહોદ શહેરમાં ધામા નાંખતાં વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદમાં આવેલ ૬ થી ૭ જેટલી નામાંકીત ફરસાણની દુકાનોમાં જી.એસ.ટી.ના દરોડાના પગલે વેપારી આલમમાં પણ ચકચાર વ્યાપી જવા પામ્યો છે. દરોડામાં કરોડોની કરચોરી બહાર આવવાની ચર્ચાઓ પણ વહેતી થવા માંડી છે. ત્યારે જી.એસ.ટી.ટીમના આ દરોડા બીજી કેટલી જગ્યાએ તપાસ હાથ ધરશે તે જોવાનું રહ્યું.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદમાં આવેલ અભિષેક નમકીન, કૃષ્ણ સ્વીટ્સ એન્ડ માર્ટ, રતલામ સેવ ભંડાર, ફ્લેવ નમકીન, રીત નમકીન સહિત ૬ થી ૦૭ દુકાનોમાં ગત મોડી રાત્રીથી વડોદરાની જી.એસ.ટી. ટીમના અધિકારીઓ આ દુકાનોમાં દરોડા પાડી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે. કહેવાઈ રહ્યું છે કે, જી.એસ.ટી. ટીમના આ સર્ચ ઓપરેશનમાં કરોડોની કરચોરી બહાર આવવાની શકયતાઓ છે. એક સાથે ૭ થી ૮ જેટલા સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરતાં દાહોદ જિલ્લાના વેપારીઓમાં ફફડાટ સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ જી.એસ.ટી.ટીમ દ્વારા બીજી કેટલી જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે? તે જોવાનું રહ્યું. ત્યારે બીજી તરફ દાહોદમાં આવેલ નામાંકીત ફરસાણની દુકાનોમાં ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરતાં અનેક પ્રકારની ચર્ચાઓ પણ વહેતી થવા પામી છે . ત્યારે આ સર્ચ ઓપરેશનમાં કેટલા રકમની કરચોરી અને કંઈ કંઈ જગ્યાએથી કરચોરી બહાર આવશે તે જાણવું રહ્યું પરંતુ હાલ સુધી પણ જી.એસ.ટી.ની ટીમ દાહોદમાં જ હોવાનું કહેવાઈ રહ્યું છે અને બીજી કેટલીક જગ્યાઓએ પણ સર્ચ ઓપરેશન હાથ ધરશે તેવા એંધાણો પણ વર્તાઈ રહ્યાં છે. ત્યારે આ બાબતની વાયુવેગે સમાચાર જિલ્લામાં ફેલાતાં વેપારીઓ વિગેરે આલમમાં સતર્ક રહેતા પણ જોવા મળ્યા હતાં.

# દાહોદ જીલ્લામાં આજે ૭ કોરોના કેસ નોંધાયા

દાહોદ, દાહોદ જિલ્લામાં આજે ૦૭ કોરોના દર્દીઓના સમાવેશ થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૭૬ને પાર કરી ચુક્યો છે. ત્યારે રાહતના એ છે કે, દાહોદ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે એક પણ કેસ ન નોંધાતાં શહેર સહિત તાલુકાવાસીઓએ રાહતનો દમ લીધો છે અને આવનાર સમયમાં દાહોદ તાલુકા સહિત જિલ્લો કોરોના મુક્ત થશે તેવી લોકોએ આશા પણ વ્યક્ત કરી રહ્યાં છે. આર.ટી.પી.સી.આર.ના ૧૫૯ પૈકી ૦૭ કેસો આજે સામે આવ્યા છે જ્યારે રેપીટ ટેસ્ટના ૩૫૩ પૈકી એક પણ કેસ પોઝીટીવ આવ્યો નથી. આ ૦૭ પૈકી ઝાલોદ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૩, સીંગવડમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. દરરોજ દાહોદ અર્બન અથવા ગ્રામ્ય વિસ્તારમાંથી એકલ દોકલ કેસ પણ સામે આવતાં હતાં પરંતુ આજે એકપણ કેસ સામે ન આવતાં લોકોએ રાહત અનુભવી હતી. આજે વધુ ૦૪ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૫૦ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૬ લોકો પોતાની જીવ ગુમાવી ચુક્યાં છે.

# દાહોદમાં ૯૦ રાઉન્ડ ગોળીબાર કરી પોલીસ રાષ્ટ્રધ્વજને આપશે સન્માન

દાહોદ, દાહોદમાં ૭૨માં પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. દેશની આઝાદા બાદ બંધારણ સમિતિએ આપેલા વિશ્વના અજોડ કાયદા એવા ભારતીય બંધારણનો આપણે સૌએ સ્વીકાર ર્ક્યાના અવસરને પૂર્ણ શાનથી ઉજવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ છે. પ્રજાસત્તાક દિને પોલીસ તંત્ર દ્વારા ૯૦ રાઉન્ડ ગોળીબાર કરી તિરંગાને સલામી આપવામાં આવશે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદમાં આવેલા પ્રજાસત્તાક દિનની પરેડના નોંડેલ અધિકારી એવા નાયબ પોલીસ અધીક્ષક વિજયસિંહ પરમારે કેટલીક રસપ્રદ માહિતી આપી. ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વોલી ફાયરિંગ કરવામાં આવશે. જેને ગુજરાતીમાં હર્ષધ્વની તરીકે પણ ઓળખવામાં આવે છે. વોલી ફાયરિંગ મૂલઃ તિરબાજોની એક પ્રકારની યુદ્ધની રણનીતિ છે. વોલી શબ્દ લેટિન શબ્દ વોલર ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો મતલબ ઉડવું એવો થાય છે. એવું માનવામાં આવે છે કે વોલી ફાયરિંગ યુદ્ધનીતિ ગ્રિકો દ્વારા ઉપયોગમાં આવતી હતી.

જેમાં હરીફો ઉપર એક ટ્રુપ દ્વારા વારાફરતી વારંવાર બાણવર્ષા કરવામાં આવે છે. જેથી દુશ્મનો ઉપર રીતસર બાણનો વરસાદ થઈ જાય. બાદમાં દારૂગોળાની શોધ થઈ. એટલે, વોલી ફાયરિંગ તોપ સાથે જોડાઈ ગયું. ભારતમાં આ પરંપરા અંગ્રેજોના શાસનકાળ દરમિયાન દાખલ થઈ. વળી, અંગ્રેજોએ ભારતના રજવાડાઓને તેના રાજ્યના કદના આધારે તોપોની સલામી આપવાનું નિયત ર્ક્યું હતું. કોઈ રાજાને પાંચ તોપની તો કોઈ રાજાને ૨૧ તોપની સલામી આપવામાં આવતી હતી. એટલે અંગ્રેજી અમલદારો તોપો ફોડીને રાજાઓ પ્રત્યે સન્માન અને હર્ષની લાગણી વ્યક્ત કરતા હતા. હવે, આ જ પરંપરા સુરક્ષા જવાનોએ તિરંગાની શાનને કેન્દ્રમાં બરકરાર રાખી છે.

એ વાત આપણે સારી રીતે જાણીએ છીએ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સ્વાતંત્ર્ય પર્વ અને પ્રજાસત્તાક તથા ગુજરાત સ્થાપના દિનની ઉજવણી પાટનગર ગાંધીનગરથી બહાર રાજ્યના જિલ્લા મથકોએ ઉજવણી કરવાની પહેલ કરી હતી. તે પહેલના ભાગરૂપે દાહોદમાં બીજી વખત રાજય મહોત્સવની ઉજવણી થઈ રહી છે.

આગામી તા. ૨૬ના રોજ અહીંના નવજીવન કોલેજના મેદાનમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લઈ રહેલી ૧૨ પૈકી એક પ્લાટૂન વોલી ફાયરિંગની પણ છે. જેમાં ૩૦ જેટલા પોલીસ જવાન જોડાયા છે. જે હર્ષધ્વની કરવાના છે. તિરંગાને સલામી અપાયા બાદ આ જવાનો ૩૦૩ બંદૂકમાંથી ફાયરિંગ કરી રાષ્ટ્રધ્વજને સન્માન આપશે. કોઈના પ્રત્યે સર્વોચ્ચ માન આપવાની આ પ્રથા અનોખી છે. દાહોદમાં લગભગ ૯૦ રાઉન્ડ ગોળીબાર કરી તિરંગાને સન્માન આપવામાં આવશે.

# દાહોદમાં સ્થાનિક ચૂંટણીઓ પહેલાજ કોંગ્રેસમાં ભડકો કે ભૂકંપ


દાહોદ, કોંગ્રેસના જિલ્લા સભ્ય તેમજ જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા મગનભાઈ ભુરીયા, દેવગઢબારિયા કોંગ્રેસ પ્રમુખ ફૂલસિંગ ભાઈ પટેલ, બારીયાના આગેવાન ધનાભાઈ પટેલ, NSUIના પૂર્વ જિલ્લા પ્રમુખ સંજયભાઈ ભુરીયા, ફતેપુરાના વિવિધ સરપંચો એવા રાવળના વરૂણાના સરપંચ વિજયભાઈ કટારા, ધાણીખુટ સરપંચ રમેશભાઈ મકવાણા, બોરીદા સરપંચ શૈલેષભાઈ દેવધા, પટ્ટીસરા સરપંચ દિતાભાઈ મછાર તેમજ નિવૃત પશુ નિયામક ડોક્ટર રણજીતસિંહ નાયક નિવૃત RFO સામંતસિંહ હિહોર જેવા કોંગ્રેસના કોંગ્રેસના મોટી સંખ્યામાં આગેવાનો આજરોજ ભાજપમાં જોડાયા હતા.

જેમને જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલિયારે ભાજપનો ખેસ પહેરાવી સ્વાગત ર્ક્યું હતું આ પ્રસંગે જી.ચૂંટણી ઈન્ચાર્જ સુધીરભાઈ લાલપુરવાળા તેમજ જિલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. આવનારા સમયમાં હજુ પણ કોંગ્રેસના મોટા પદાધિકારીઓ ભાજપમાં જોડાશે.

# ઝાલોદના જેતપુર ગામે છોકરી ભગાડી જવાની અદાવતે ટોળાએ હથિયારો સાથે યુવકના ભાઈના ઘરમાં તોડફોડ

દાહોદ, ઝાલોદ તાલુકાના જેતપુર ગામે છોકડી ભગાડી ગયાની અદાવત રાખી ૧૮ જેટલા વ્યક્તિઓના ટોળાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી યુવકના ભાઈના ઘરે પહોંચી જઈ ઘરમાં તોડફોડ કરી તેમજ ઘરના નળીયાની પણ તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવી નુક્સાન પહોંચાડ્યાનું જાણવા મળે છે. જેતપુર ગામે મછાર ફળિયામાં રહેતા સંદિપભાઈ લાલાભાઈ મછારનો ભાઈ સંજયભાઈ ગામમાંજ રહેતી એક છોકરીને પત્નિ તરીકે રાખવાના ઈરાદે ભગાડી લઈ ગયો હતો. આ બાબતની અદાવત રાખી છોકરી પક્ષના અને ગામમાંજ રહેતા રામાભાઈ જોતીયાભાઈ રાઠોડ, કમલેશભાઈ રામાભાઈ રાઠોડ, રામસીંગભાઈ ભાવજીભાઈ ડામોર, મડીયાભાઈ જોખનાભાઈ રાઠોડ, મહેશભાઈ મડીયાભાઈ રાઠોડ, દામાભાઈ જોતીભાઈ રાઠોડ, રાકેશભાઈ ગુમજીભાઈ ડામોર તથા બીજા ૧૮ જેટલા વ્યક્તિઓએ એક્સંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી સંદિપભાઈના ઘરે પહોંચી ગયાં હતાં.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 126

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ચુંટણી પૂર્વેના વહિવટદારના શાસન વચ્ચે

# ગોધરામાં શહેરીબાવાઓએ રસ્તાના કામો શરૂ કરવાથી પ્રજામાં આશ્ચર્ય !!!

ગોધરા,

હવે ગોધરા નગરપાલિકાની ચુંટણી પૂર્વે શહેરી બાવાઓએ નવીન રસ્તાના કામો શરૂ કરાવાયાની બૂમો ઊઠતા પ્રજામાં આશ્ચર્ય વ્યાપ્યું છે.અવારનવાર માંગણી અને રજુઆત કરવા છતાં કામો હાથ નહીં ધરાતા બિસ્માર રસ્તાના પગલે અસંખ્ય લોકોને હાલાકી વેઠવી પડવા છતાં અવગણના કરાઈ હતી. તો હવે પાલિકા કેમ જાગી ? તેવા પ્રજામાં પ્રશ્નાર્થો જાગ્યા છે.

છેલ્લા પાંચ વર્ષથી ગોધરા નગર પાલિકામાં ભાજપા સત્તારૂઢ હતી અને વિપક્ષોની તુલનામાં ભાજપી સભ્યોની ધાક ગણો કે શેહ–શરમ ગણો પરંતુ ધાર્યું ધણીનું થાય તે ઉકિત પ્રમાણે સૂચવેલા વિકાસના કામો જેમાં નવી રસ્તાઓની ભલામણને એકઝાટકે મંજૂરી મળી જતી હતી. ચુંટાયેલા સભ્ય હોય કે વહિવટી પાંખ બંનેને માત્ર ને માત્ર નવીન રસ્તાઓ નિર્માણ કરવામાં જ રસ દાખવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં રસ્તા સિવાય વધુ પ્રમાણમાં અન્ય સેવા નહીવત કરાવાઈ હોવાનું ચિત્ર ઉપસેલું છે. છેલ્લા પાંચ વર્ષમાં ગોધરા નગર પાલિકાના વિવિધ વોર્ડના વિસ્તારોમાં સૌથી વધુ નવીન રસ્તાઓના જ કામો કેમ ? તેવા પ્રશ્નો પ્રજામાં સામાન્ય પૂછાતા હતા.

અગાઉ ગત ચોમાસામાં કે વખતોવખત બિસ્માર બનેલા રસ્તાઓને પગલે લોકોને અવરજવર કરવામાં ભારે યાતનાઓ વેઠવી પડતા મરામત કરવાની માંગ કરવા છતા કોરોનાકાળમાં પાંચ પાંચ માસથી ઉદાસીનતા પાલિકા એ સેવતા નારાજગી છવાઈ હતી. પાંચ વર્ષની સત્તાની મુદત ડિસેમ્બરમાં પૂર્ણ થતાં ગોધરા નગર પાલિકામાં વહિવટદારનું શાસન ચાલી રહયું છે. મુદત સમાપ્તીના પૂર્વે ચુંટાયેલા સભ્યો એ દોડધામ કરીને સત્તાધીશોના શિરપાઉં કરીને મંજૂરી અપેક્ષાએ કે ગ્રાન્ટ મળ્યા સંદર્ભે રસ્તાઓની ચોકકસ વિસ્તારોમાં મંજૂર કરવાની ભલામણ કરાયેલી છે. રસ્તાના કામો મેળવવા માટે ભાજપા હોય કે વિપક્ષના સભ્યોમાં અંદરોઅંદર જાણે સ્પર્ધા જામી હતી. પેવર બ્લોક અને આર.સી.સી.રસ્તાઓની રૂા. બે લાખ ઉપરાંતથી વધુના ખર્ચાઓ કરવા હોડ જામતા સભ્યોમાં પણ મુકાયેલી દરખાસ્ત થી મનદુઃખ થયાની ચર્ચાઓ પાલિકા વર્તુળમાં ઊઠી હતી.

છેલ્લે કામો ઉપર વહિવટ પાંખની મ્હોર વાગી ગઈ છે. તે પ્રમાણે ગોધરા શહેરના જુદા જુદા વિસ્તારમાં નવીન રસ્તાઓની કામગીરીને લીલી ઝંડી અર્પી દેવાતા સભ્યો પણ મનોમન રાજીના રેડ થઈને હવે રાજનીતીનું હથિયાર ચુંટણી સમયે ચુંટણી જંગમાં ઉતારવાનું નકકી થયેલ છે. ચુંટણી પંચ હાલ પોતાની રીતે નિયત સમયે ચુંટણી યોજવાની કવાયત હાથ ધરાઈ રહી હોવાથી એકાદ બે માસમાં ચુંટણીના ઢોલ ઢબુકવાન છે. ત્યારે ગોધરા નગરપાલિકાની ભાજપા અને વિપક્ષના સભ્યો પણ ચુંટણી લડવા મનોમન થનગનાટ કરી રહ્યા છે. બાદમાં ચુંટણી આચારસંહિતા લાગુ પાડવામાં આવે તો ચુંટણી પરિણામ સુધી રસ્તાના કામો હાથ ધરી શકાય તેમ ન હોય તેથી રસ્તામાં રસ દાખવાયો છે.

ગોધરા શહેરમાં ઠેરઠેર રસ્તાના કામોનો પ્રારંભ કરાવાઈ રહ્યો છે. અગાઉથી નકકી કરાયેલી રણનીતિ અનુસાર સભ્યોએ દિવસો પૂર્વેના મંજૂર થયેલા રસ્તાઓના કામોનો પ્રારંભ કરાવાતા પ્રજામાં આનંદ વચ્ચે આશ્ચર્ય વ્યાપ્યું છે. જ્યારે રસ્તનાની સુવિધાની જરૂરીયાત હતી. ત્યારે કામગીરી નહીં કરાઈને પ્રજાની મુશ્કેલી અંગે અનદેખી કરાઈ હતી. તો હવે ચુંટણી નજીક આવવાની હોય ત્યારે અચારસંહિતા પૂર્વે કામો સંપન્ન કરીને રસ્તાના ઓથા હેઠળ મતદારોને આકર્ષી શકે અને પ્રજાના પ્રશ્નોનો ઉત્તર આપીને મત અંકે કરવાની કિમીયો અજમાવ્યો હોવાની પ્રજામાં તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ છે. આગામી સમયમાં ગોધરા શહેરના જુદા જુદા વિસ્તારમાં રસ્તાઓની વણઝારરૂપે જ્યાં જશો ત્યાં નવીન રસ્તાઓ જોવા મળનાર છે. આમ, ચુંટણી નજીક આવતા ચુંટણી મૂરતીયાઓએ ઝોળીમાંથી આચારસંહિતા પૂર્વે રસ્તાઓનું અલ્લાઉદ્દીન કા જીન કાઢતા મતદાર એવા નાગરિકોમાં અનેક ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

### કામોમાં વિલંબ ગણવો કે ઝડપ ???

ચોકકસ મતદારોને લુભાવવા માટે રસ્તાઓ મંજુર કરાયેલા છે. હવે કામોનો પ્રારંભ થવા જઈ રહયો છે. તેવા સમયે પ્રજાના મનમાં શંકા છે કે ગ્રાન્ટનો અભાવ હોવાથી મહિના અગાઉના મંજૂર થયેલા કામો શરૂ કરાયા છે. કાંતો ચુંટણી અનુલક્ષીને સભ્યો પૂનઃ ચુંટણી મેદાનમાં ઉતરનાર હોઈ અત્યાર થી રસ્તાના કામો પ્રજાને દર્શાવવા ઉતાવળીયા બન્યાના મતમતાંતરો પ્રજામાં ચાલી રહ્યા છે. પરંતુ આગામી સમયમાં આ રસ્તાઓ કેટલા મતો મેળવી આપશે તે ચુંટણી પરિણામ બતાવશે.

- રસ્તાના કામોનો પ્રારંભ થઈને આગામી સમયમાં ઠેરઠેર વણઝાર જામશે.
- અગાઉના મહિનાઓમાં ચુંટાયેલા નગર પાલિકાના સભ્યોએ રસ્તાઓ મંજૂર કરાવવા દોડધામ આદરી હતી.
- ચોક્કસ વિસ્તારમાં રસ્તા મંજૂર કરવા છેક ગાંધીનગર સુધી નેતાઓને શિરપાઉં કર્યા હતા.
- હાલમાં ચુંટણી પૂર્વે વહિવટદારનું શાસન છતાં મંજૂરી સાથે કામોની શરૂઆત થશે.
- જેમ જેમ આચારસંહિતા લાગુ થાય તે પૂર્વેના કાળમાં ઠેરઠેર રસ્તાઓ બનેલા જોવાશે.
- રસ્તાઓ પૂર્ણ કરવા અધિરા બનેલા સભ્યો.
- ચુંટણી પૂર્વે મતદારોને લલચાવવા અને રસ્તાના ઓથા હેઠળ મત માંગવાનો કિમીયો.
- અગાઉ રસ્તાને લઈને મુશ્કેલી હોવા છતાં સુવિધા માટે ઉદાસીનતા દાખવાઈ હતી.
- જરૂરીયાત સમયે રસ્તાનો લાભ ન આપીને હવે કામો થનાર હોવાની પ્રજામાં તરેહ તહેરની ચર્ચા.

# ગોધરા ખાતે આદિવાસી સમાજ ભવન નિર્માણ અંગેની બેઠક યોજાઇ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા ખાતે આદિવાસી સમાજ ભવન નિર્માણ કરવા માટેની ચિંતન બેઠક આદિવાસી વિકાસ ફાઉન્ડેશન, ગોધરા ના પ્રમુખ દેવજીભાઈ ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં એ.વી. એફ.ના મંત્રી તડવી, એ.વી. એફ. ના હોદ્દેદારો ઉપરાંત સમાજના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહી વિચાર વિમર્શ કર્યો હતો.

જયારે સમાજ અનેક સમસ્યાઓ અને ચારે બાજુથી અનેક અન્યાયો નો સતત ભોગ બની રહ્યો છે તેવા સંજોગોમાં રક્ષણાત્મક કાર્યવાહી કરવા માટે, સમાજની શકિતને સંકલિત કરવા માટે, આયોજનબદ્ધ રીતે સમાજ વિકાસની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે સમાજના અલગ અલગ ભવન ની જરૂરિયાત અંગે ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આર્થિક અને શૈક્ષણિક પછાત હોવા છતાં આપણા સમાજના લોકો શારીરિક અને માનસિક રીતે તાકાતવર હોય છે. તેઓની શારીરિક માનસિક શક્તિઓને સંકલિત કરીને આર્થિક અને શૈક્ષણિક પછાતપણું દૂર કરવા માટે તથા વેરણ છેરણ હાલતમાં રહેલ શક્તિઓને સંકલિત કરીને યોગ્ય દિશામાં પ્રયોજન થાય તો સતત થઈ રહેલા અન્યાયો સામે ન્યાય પ્રાપ્ત કરી શકાય.

એફ.બી. વહોનીયાએ બિરસા મુંડા ભવન દાહોદ ના વિઝન, મિશન, હેતુઓ, પદ્ધતિ, સંચાલન, અને તમામ લોકો તરફથી મળી રહેલા વિશ્વાસ અને સહયોગ ની જાણકારી આપી હતી. મધ્યપ્રદેશ ના પાડોશી જિલ્લા ઝાબુઆ ના અગ્રણીઓ એ દાહોદ ભવન ની મુલાકાત લઈને ઝાબુઆ ખાતે બિરસા મુંડા ભવન નિર્માણ કરવાનો નીર્ધાર વ્યકત કર્યો હતો. ગોધરા ખાતે ભવન બને તો ત્રણ પાડોશી આદિવાસી જિલ્લાઓમાં ભવન બનશે અને તેનાથી સમાજ લાભાન્વિત થઈ પ્રગતિ ની હરણફાળ ભરી શકશે એ બાબતે આનંદ વ્યક્ત કર્યો હતો.

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના બિરસા મુંડા ભવન દાહોદ ના નિર્માણ સમિતિ ના સહ કન્વીનર પ્રવીણભાઈ પારગીએ સમાજના સળગતા પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી. સમગ્ર ગોધરા ટીમ દ્વારા આગામી દિવસોમાં બિરસા મુંડા ભવન દાહોદ ની નિર્માણ સાઈટની મુલાકાત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આદિવાસી સમાજના તમામ લોકોના સાથ, સહકાર, વિશ્વાસ, પ્રેરણા અને સહયોગ વડે ભવન નિર્માણ ની દિશામાં આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અંતમાં આભાર દર્શન પ્રો. ડો. કે. જી. ચંદાણાએ કર્યું હતું.

-:: બાલાસિનોર નગરપાલિકા ::-

જાહેર નિવિદા વર્ષ ૨૦૨૦-૨૧

આથી બાલાસિનોર નગરપાલિકા ખાતે નીચે જણાવેલ વિગતે માલસામાન સપ્લાય તથા માલસામાન–મજુરી સાથેના કામો તથા નવિન ખરીદી અંગેની જરૂરીયાત હોઈ રસ ધરાવતા વેપારી/સપ્લાયર ઠેંકેદારશ્રીઓએ તા.૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં ન.પા. ક્ચેરીએથી (જાહેર રજાના દિવસ સિવાય) ક્ચેરી સમય દરમ્યાન કરવાના કામ અંગેની વિગત તથા કોરા ભાવ પ ત્રક અને શરતો મેળવી કરવાના કામો રૂબરૂ જોઈ તપાસી પોતાના ભાવ, તમામ ટેક્ષ સહિત સીલબંધ ક્વરમાં ફક્ત આર.પી.એ.ડી/સ્પીડ પોષ્ટથી તા.૧૦/૦૨/૨૦૨૧ સુધીમાં નગરપાલિકા ક્ચેરીએ પહોંચતા કરવાના રહેશે. સીલબંધ ક્વર ઉપર ક્યાં કામ અંગેના ભાવપત્રક છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. મુદત બહાર આવેલ ટેન્ડર સ્વીકાર્ય રહેશે નહી. આવેલ ટેન્ડર મંજુર કરવા યા ના કરવા તે મંજુર કરવાના અબાધિત અધિકાર નગરપાલિકા બાલાસિનોરના રહેશે.

| અ. નં. | કામની વિગત | ડિપોઝીટની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|
| A | સેનીટિશન શાખા | ૨૫૦૦૦/- | ૧૦૦૦/- |
| | સેનીટિશન શાખાના સાફ–સફાઈના સાધનો, સફાઈ કર્મચારી સેફટીના સાધનો તથા દવાઓ ખરીદી અંગેનું વાર્ષિક ભાવપત્રક | | |
| B | બાંધકામ અને ભૂગર્ભ ગટર શાખા | ૨૫૦૦૦/- | ૧૦૦૦/- |
| | બાંધકામ મટીરીયલ્સ સપ્લાય અને માલસામાન–મજુરી સાથેના કામો તથા ભૂગર્ભ ગટરલાઈન નવિન નાંખવા–રીપેરીંગ કરવા, મશીનહોલ–ચેમ્બરો નવિન બનાવવા–રીપેરીંગ કરવા માલસામાન–મજુરી સાથેના કામો અંગેનું વાર્ષિક ભાવપત્રક. | | |
| C | પાણી પુરવઠા શાખા | ૨૫૦૦૦/- | ૧૦૦૦/- |
| | પાણીપુરવઠા ખાતે અલગ–અલગ સાઈઝની પાઈપો, વાલ્વ, બેન્ડ અને ટી, જોઈન્ટ, રબ્બરશીટ, ફલેન્ચ, સોલવંટ, ફેરીક એલમ, ટીસીએલ પાવડર, હાઈપો ક્લોરાઈડ સોલ્યુશન ક્લોરીન ગેસ રીફીલીંગ વિગેરે તથા અન્ય માલસામાન સપ્લાય કરવા અંગેનું વાર્ષિક ભાવપત્રક. | | |
| D | સ્ટ્રીટલાઈટ શાખા | ૧૦૦૦૦/- | ૧૦૦૦/- |
| | એલ.ઈ.ડી. ફીકચર, વિવિધ સાઈઝના કેબલ તથા જરૂરી સ્ટ્રીટલાઈટ માલસામાન અંગેનું વાર્ષિક ભાવપત્રક. | | |
| E | ઈલે.મોટર રીવાઈન્ડીંગ-રીપેરીંગ | ૨૫૦૦૦/- | ૧૦૦૦/- |
| | અલગ–અલગ એચ.પી. મોનોબ્લોક, સબમર્સીબલ, સબમો ઈલે.મોટર વિગેરે તથા અલગ–અલગ સ્ટાર્ટર અને પેનલ વિગેરે રીવાઈન્ડીંગ તથા રીપેરીંગ કરવા અંગેના વાર્ષિક ભાવ. | | |
| F | ઓફીસ ખાતે | ૧૦૦૦૦/- | ૧૦૦૦/- |
| | ઓફીસની વિવિધ સ્ટેશનરી જેવી કે પહોંચબુક, માંગણાબીલ, પરચુરણ પાવતીબુક, રજીસ્ટરો, કાગળ પુંઠા, વિવિધ સાઈઝના બેનરો, ફાઈલો, પોર્ટફોલીયા, ગુંદર, ટેગ, સ્ટેપલર, સ્ટેપલર પીનો, રબ્બર રીંગ, વિગેરે તથા કોમ્પ્યુટર પ્રિન્ટર માટે અલગ–અલગ સાઈઝના કાગળ, એન્ટીવાયરસ, કાર્ટીઝ રીફીલીંગ તેમજ કોમ્પ્યુટર–પ્રિન્ટર રીપેરીંગ વિગેરે કામ અંગે વર્ષિક ભાવપત્રક. | | |
| G | ફરાસખાના | ૫૦૦૦/- | ૧૦૦૦/- |
| | સ્ટેજ, પડદા, સોફા, ખુરશી, ટીપોઈ, ટેબલ સાઉન્ડ સીસ્ટમ (એમ્પ્લીફાયર, માઈક, કોર્ડલેસ, માઈક, સ્પીકર) ગ્રીન કાર્પેટ, બેરીકેટેડ, પંખા, લાઈટીંગ, સીરીઝો તથા મંડપ બાંધવા વિગેરે કામનું વાર્ષિક ભાવપત્રક. | | |
| H | નગરપાલિકાના વાહનોના ટાયર-ટ્યુબ અને બેટરી | ૧૦૦૦૦/- | ૧૦૦૦/- |
| | નગરપાલિકાના વિવિધ વાહનો જેવા કે ટ્રેકટર–ટ્રોલી, છોટા હાથી, અર્થ મુવર, ઈનોવા, બોલેરો, ટાટા એસ, હાઈડ્રોલીક પ્લેટફાર્મ, જેટીંગ મશીન વિગેરેના ટાયર–ટ્યુબ બેટરી અંગેનું વાર્ષિક ભાવપત્રક. | | |
| I | ન.પા.વિસ્તારમાં આવેલ મિલકતોની ચતુઃવર્ષિય આકારણી | | |
| | ન.પા. વિસ્તારમાં આવેલ મિલકતોની ચતુઃવર્ષીય આકારણી કરવા તથા ડેટા એન્ટ્રીની કામગીરી કરવા મિલકત દીઠ ભાવ આપવાના રહેશે. (ત્રીજો પ્રયત્ન) કોરા ભાવપત્રક ન.પા. કચેરીએથી મેળવવાના રહેશે. | ૧૦૦૦૦/- | ૧૦૦૦/- |

નગરપાલિકા કચેરી
બાલાસિનોર તા.૧૮/૦૧/૨૦૨૧

ભદ્રેશ જે. પટેલ
ચીફ ઓફીસર
નગરપાલિકા બાલાસિનોર

ભુપેન્દ્રભાઈ ડી. ચૌહાણ
પ્રમુખ
નગરપાલિકા બાલાસિનોર

માહિતી/ગોધરા/૭૫૨/૨૦૨૧




શૌર્ય, ત્યાગ અને સંઘર્ષના પ્રતિકમાં ભારતીના સપૂત વીર શિરોમણી એવા મેવાડના પરાક્રમી રાજવી મહારાણા પ્રતાપની ૪૨૩ પુણ્યતિથી એ આજરોજ ગોધરાના મહારાણા પ્રતાપ ચોક પાસે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાયો.

# પંચમહાલમાં આજે કોરોના સંક્રમણના નવા ૩ કેસો નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં સતત ત્રણ દિવસ એક જ નવો કેસ મળ્યા બાદ આજે કોવિડ–૧૯ સંક્રમણના નવા ૦૩ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૩૮૯૯ થવા પામી છે. ૦૯ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૩૬ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો શહેરી વિસ્તારોમાંથી જ મળી આવ્યા છે. જે પૈકી ગોધરામાંથી ૦૨ અને હાલોલ શહેરમાંથી ૦૧ એમ કુલ ૦૩ કેસો મળી આવ્યા છે. આ સાથે શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૫૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે કેસ મળી આવ્યા નથી. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૪૭ કેસ મળી આવ્યા છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૨૪ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૩૬ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

# પંચમહાલ જીલ્લામાં હોટેલો, ધર્મશાળાઓ, ગેસ્ટ હાઉસ, પેટ્રોલ પંપો સહિતના સ્થળોએ CCTV કેમેરા ગોઠવવા ફરજિયાત

ગોધરા,

અસામાજિક અને ગુનાકીય પ્રવૃતિમાં સંડોવાયેલા તત્વો દ્વારા રોકાણ માટે હોટેલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોના ઉપયોગ પર નિયંત્રણ લેવા તેમજ સઘન દેખરેખ રાખવા પંચમહાલ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી.બાંભણિયા (જી.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર જિલ્લામાં આવેલ હાઈ–વે પરની તમામ હોટેલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, હોટેલ–ગેસ્ટહાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કિંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, લોજિંગ–બોર્ડિંગ, સોના–ચાંદીની દુકાનો, કોમર્શિયલ સેન્ટરો જેવા સ્થળોએ સંબંધિત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાઓ દ્વારા સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. આ કેમેરા નાઈટવિઝન (હાઈડેફિનીશન) પ્રકારના, રેકોર્ડિંગ સિસ્ટમની વ્યવસ્થા સાથે અને ઉભેલા વાહનનો રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટરીતે દેખાય તેમજ વાહન ચાલક અને તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું વિડીયો રેકોર્ડિંગ થઈ શકે તે રીતે ગોઠવવાના રહેશે. જાહેરનામા અનુસાર ઓછામાં ઓછા ૧૫ દિવસનો સી.સી.ટી.વી. રેકોર્ડિંગ ડેટાનો સંગ્રહ રાખવો ફરજિયાત છે. બહારના ભાગે તમામ પાર્કિંગની તમામ જગ્યાઓ, રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે. હુકમની તારીખથી બે માસ સુધી આ હુકમ અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## ગોધરા SRP નગર સામે આવેલ જલારામ સોસાયટીના બંધ મકાનમાંથી ૧.૪૨ લાખની ચોરી

ગોધરા,

ગોધરા શહેર લુણાવાડા હાઈવે રોડ ઉપર આવેલ જલારામ સોસાયટીના બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવી હતી. તસ્કરો એ દરવાજાનું તાળું તોડી ઘરમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત ૧,૪૨,૫૦૦/–રૂપીયાનો મુદ્દામાલ ની ચોરી થતાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર લુણાવાડા હાઈવે રોડ ઉપર આવેલ જલારામ સોસાયટીમાં રહેતા હિતેશભાઈ સુરેશભાઈ પરમારના બંધ મકાનને તસ્કરો એ નિશાન બનાવવામાં આવ્યું હતું. મકાનના દરવાજાનું તાળું તોડી પૂજા મંદિરવાળા રૂમમાં તિજોરીમાં રાખેલ સોના–ચાંદીના દાગીના કિંમત ૧,૪૨,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



ગોધરા શહેર ના બામરોલી રોડ વિસ્તારમાં આવેલી વૃંદાવન નગર થી માં ગાયત્રી નગર હવેલી મંદિર તરફ જવાના માર્ગ પર હાલ વહીવટી તંત્ર-પ્રશાશન દ્વારા આર.સી.સી.માર્ગ ની કામગીરી કાર્યરત છે.તયારે આ માર્ગ પર અંદાજીત ચાર થી પાંચ જેટલા વીજ થાંભલા માર્ગ ની વચ્ચોવચ હોઈ આ વીજ થાંભલા ઓને હટાવવામાં આવે તેમજ ત્યારબાદ માર્ગ બનાવવા માં આવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

# પંચમહાલ જિલ્લામાં આજે ચાર સ્થળો પર રેશનકાર્ડ વિતરણનો ઓનલાઈન કાર્યક્રમ યોજાશે

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે ૦૨.૦૦ થી ૩.૩૦ કલાક દરમ્યાન જગ્યાએ ગોધરા, હાલોલ, કાલોલ અને શહેરા ખાતે રેશનકાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાશે. જેમાં મુખ્યમંત્રી જૂનાગઢ જિલ્લાના કેશોદ મુકામેથી ઈ–માદયમથી ઓનલાઈન ઉપસ્થિત રહેશે. જ યારે ગોધરામાં સરદારનગર ખંડ ખાતે, હાલોલમાં નગરપાલિકા હોલ, શહેરામાં નગરપાલિકા હોલ ખાતે તેમજ મોરવા (હડફ)માં મોરવા પ્રાથમિક શાળા ખાતે આ કાર્યક્રમ યોજાશે. જ્યાં લાભાર્થીઓને રેશનકાર્ડનું વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે હાલોલ રાજયમંત્રી, ગોધરામાં ધારાસભ્ય તેમજ જિલ્લા કલેકટર તેમજ મોરવા (હ)માં ભૂતપૂર્વ ધારાસભ્ય નિમિષાબેન સુથાર સહિતના મહાનુભાવો કાર્યક્રમમાં સહભાગી થશે અને લાભાર્થીઓને રેશનકાર્ડનું વિતરણ કરશે.